રાજભવન, ગાંધીનગર.
તા. ૨૫/૦૨/૨૦૧૫

**સ્કાઉટ્સ–ગાઈડ્સ સંગઠન યુવાનોના વ્યકિતત્વના વિકાસ અને ચારિત્ર ઘડતરનું કાર્ય કરે છે**
રાજયપાલશ્રી

**ગુજરાત રાજય ભારત સ્કાઉટ્સ–ગાઈડ્સ સંગઠનના રાજય પુરસ્કાર શ્રી ઓ. પી. કોહલીના હસ્તે વિતરણ**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે સ્કાઉટ્સ–ગાઈડ્સ સંગઠને યુવાનોના વ્યકિતત્વ વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે અને સાથે–સાથે છાત્રોમાં રાષ્ટ્ર પ્રેમ, શિસ્ત તથા ભાઈચારા જેવા નૈતિક મૂલ્યોનું સિંચન થાય તે માટે પણ હંમેશા તત્પર રહયું છે.

રાજભવન ખાતે ગઈકાલે સાંજે યોજાયેલા "રાજય પુરસ્કાર વિતરણ સમારોહ"માં રાજયના સ્કાઉટ્સ–ગાઈડ્સ નું રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરી પુરસ્કારો અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે ઉદ્દબોધન કરતા શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં અહી ઉપસ્થિત સ્કાઉટ્સ–ગાઈડ્સ રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે ભરપૂર પ્રયાસો કરશે, તેવી મને આશા છે.

ગુજરાતમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્કાઉટ્–ગાઈડ્ સંગઠનમાં જોડાય તેવા પ્રયાસો પર ભાર મૂકતાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિનો વધુમાં વધુ પ્રચાર થાય અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રપ્રેમ અને સમાજ પ્રત્યેની જવાબદારી પ્રત્યે વધુ સભાનતા કેળવે તે માટે તેમને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે.

તેમણે જણાવ્યું હતું કે સ્કાઉટ્સ–ગાઈડ્સ આંદોલન એક આંતરરાષ્ટ્રીય–કક્ષાનું આંદોલન છે, જે વિશ્વના તમામ દેશોમાં કાર્યરત છે અને સમાજ અને રાષ્ટ્રની સેવામાં સંલગ્ન છે. આ આંદોલન દ્વારા યુવાનોમાં વિશ્વ ભ્રાતૃત્વ, શિસ્ત, સહનશીલતા, ચારિત્ર્ય ઘડતર અને સેવાભાવનાનું સિંચન કરી તેમને સમાજના જવાબદાર નાગરિક બનાવવાનું આ સંગઠન કામ કરે છે, જે સરાહનીય છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ સ્કાઉટ્સ–ગાઈડ્સ પ્રવૃત્તિમાં જોડાઈ સમાજોપયોગી સેવાકાર્યોમાં યોગદાન આપવું જોઈએ. રાજયપાલશ્રીના હસ્તે પદકો અર્પણ કરી છાત્ર–છાત્રાઓને સન્માનવામાં આવ્યા હતા. સ્કાઉટ્–ગાઈડ્સ સંઘના મુખ્ય કમિશ્નર શ્રીમતી સવિતાબેન પટેલે સંઘની પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો.